### નશામાં ધૂત હોવાની શંકા વચ્ચે પોલીસ તપાસ શરૂ

# માંડવી વિસ્તારમાં કાર ચાલકે લોકોના જીવ જોખમમાં મૂક્યા

**રોંગ સાઈડમાં કાર** હંકારીને જતા ઘટનાનો વીડિયો વાયરલ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.12
વડોદરા શહેરના માંડવી વિસ્તારમાં એક કાર ચાલકે બેફામ અને ગફલતભરી રીતે કાર ચલાવી લોકોના જીવ જોખમમાં મૂક્યા હોવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ છે અને તેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, કાર ચાલક પૂરઝડપે બેદરકારીપૂર્વક કાર ચલાવી રહ્યો હતો. પાછળથી આવી રહેલા અન્ય વાહનચાલકોએ તેનો પીછો કરતા કાર ચાલકે કારને રોંગ સાઈડ પર હંકારી દીધી હતી. આ દરમિયાન અન્ય વાહનચાલકોએ આ બેફામ ડ્રાઈવિંગનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. કારમાં બેઠેલા વ્યક્તિઓ નશાની હાલતમાં હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. વીડિયો વાયરલ થયા બાદ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને પોલીસ દ્વારા કાર ચાલક સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

### પ્રભારી તરુણ ચુગના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

# ભાજપની કોર કમિટી બેઠકમાં મહાઅભિયાનની યોજના ઘડાઈ

**ભાજપ દ્વારા વિવિધ** કાર્યક્રમો અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.10
વડોદરા ખાતે ભાજપના પ્રદેશ પ્રભારી અને રાજ્યસભા સાંસદ તરુણ ચુગના અધ્યક્ષસ્થાને ભાજપની કોર કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં 25 વર્ષના અવિરત સેવા કાર્યોને લઈને દેશભરમાં શરૂ થનારા મહાઅભિયાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ મહાઅભિયાન અંતર્ગત સામાન્ય નાગરિકો તેમજ ભાજપના કાર્યકર્તાઓને સાથે જોડીને સરકારના વિવિધ સેવા કાર્યો અને લોકકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે સંગઠનને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન આગામી દિવસોમાં યોજાનારી વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોને લઈને વિસ્તૃત કાર્યયોજના ઘડવામાં આવી હતી. સંગઠનના કાર્યકર્તાઓ સુધી અભિયાનની રૂપરેખા પહોંચાડવા તેમજ વધુમાં વધુ નાગરિકોને તેની સાથે જોડવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રદેશ અને જિલ્લા સંગઠનના આગેવાનો ઉપરાંત ભાજપના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 25 વર્ષના સેવા કાર્યોને લોકો સુધી પહોંચાડવા માટે સંગઠનાત્મક રીતે આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં આ મહાઅભિયાનને વધુ વ્યાપક બનાવી સામાન્ય નાગરિકો સુધી પહોંચાડવા ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમો અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

### માતાના દૂધ બેંક પ્રોજેક્ટને મળ્યું પ્રથમ ઇનામ, રિજિયોનલ GRIP સમિટ-૨૦૨૬માં ડંકો વાગ્યો

# મેડિકલ કોલેજ બરોડાની ગૌરવગાથા, રાષ્ટ્રીય સ્તરે વડોદરાનું નામ રોશન



( પ્રતિનિધિ ) વડોદરા,તા.10
મેડિકલ કોલેજ બરોડા અને સયાજી હોસ્પિટલના બાળરોગ વિભાગ માટે એક અત્યંત ગર્વ અને આનંદના સમાચાર સામે આવ્યા છે. સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર ખાતે યોજાયેલી પ્રાદેશિક 'ગુડ, રેપ્લિકેબલ એન્ડ ઈનોવેટિવ પ્રેક્ટિસિસ સમિટ - ૨૦૨૬' માં બાળરોગ વિભાગ દ્વારા પ્રસ્તુત ₹માતાના પોતાના દૂધ - વ્યાપક સ્તનપાન વ્યવસ્થાપન કેન્દ્ર₹ ના પ્રોજેક્ટને સર્વશ્રેષ્ઠ ઘોષિત કરી પ્રથમ ઈનામ એનાયત કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરાની આ હોસ્પિટલનું CLMC કેન્દ્ર અગાઉ વર્ષ ૨૦૨૩માં NQAS રાષ્ટ્રીય સ્તરનું પ્રમાણપત્ર મેળવનાર ભારતની સર્વપ્રથમ સંસ્થા બનવાનો ઈતિહાસ રચી ચૂક્યું છે. આ કેન્દ્ર દ્વારા અકાળે જન્મેલા અથવા માતાનું દૂધ મેળવવાથી વંચિત રહેતા નવજાત શિશુઓને સુરક્ષિત અને પૌષ્ટિક માતાનું દૂધ પૂરું પાડવામાં આવે છે, જે નવજાત બાળકોના મૃત્યુદર ઘટાડવામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ભવ્ય સફળતા અંગે હર્ષ વ્યક્ત કરતા વિભાગના ડોક્ટરોએ જણાવ્યું હતું કે, આ સિદ્ધિ બાળરોગ વિભાગના તમામ તબીબો, રેસિડેન્ટ ડૉક્ટર્સ અને નર્સિંગ સ્ટાફના અથાક પરિશ્રમ, સંનિષ્ઠ પ્રયાસો અને દર્દીઓ પ્રત્યેના સમર્પણનું પરિણામ છે. આ સન્માન માત્ર વડોદરા જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત રાજ્ય માટે ગૌરવની ક્ષણ છે. આ ગૌરવવંતી સિદ્ધિ બદલ ડો. ઓમપ્રકાશ શુક્લા, ડો. શ્વેતલ ભટ્ટ અને સિસ્ટર બિન્ની સહિત બાળરોગ વિભાગના સમગ્ર પરિવારને શુભેચ્છાઓ મળી રહી છે.

### ન્યુ ઓએસએચ કોડ વિષય પર સંવાદ યોજાયો

# મહિલાઓ નાઈટ શિફ્ટ કે સેકન્ડ શિફ્ટમાં પણ કામ કરી જ શકે



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨
ઉદ્યોગહિત-રાષ્ટ્રહિતના ઉદ્દેશ્ય સાથે લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરા તથા ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે શહેરમાં 'ન્યુ ઓએસએચ કોડ' વિષય પર ખાસ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગુજરાત સરકારના ડાયરેક્ટર પી. એમ. શાહ ઉપસ્થિત રહ્યા હતા. લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરાના પ્રેસિડેન્ટ વિરલ ચૌધરી અને જનરલ સેક્રેટરી નિલેશ પટેલના માર્ગદર્શનમાં યોજાયેલા કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓ ઉપરાંત શહેર નજીકની વિવિધ ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના પ્રમુખો તથા પ્રતિનિધિઓ જોડાયા હતા. આ અંગે માહિતી આપતા લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરાના પ્રેસિડેન્ટ વિરલ ચૌધરીએ જણાવ્યું હતું કે, કાર્યક્રમ દરમિયાન પી. એમ. શાહે નવા ઓએસએચ કોડ અંગે ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, નવા ઓએસએચ કોડ અંતર્ગત દરેક કર્મચારીને ચાર રજાઓ આપવાની રહેશે. આ ઉપરાંત મહિલાઓ નાઈટ શિફ્ટ કે સેકન્ડ શિફ્ટમાં પણ કામ કરી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જે કંપનીમાં 100થી વધુ કર્મચારીઓ હોય ત્યાં ઘોડિયાઘર રાખવું ફરજિયાત બન્યું છે.

# વડોદરામાં વારસા સંરક્ષણ પર ૨૮ સપ્ટેમ્બરે સેમિનાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨
નવરચના યુનિવર્સિટીના સેન્ટર ફોર હેરિટેજ રિસર્ચ (CHR) અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC)ના સહયોગથી 28 સપ્ટેમ્બરે નવરચના યુનિવર્સિટી કેમ્પસ ખાતે 'ઈકોલોજી-આધારિત વારસા સંરક્ષણ' વિષય પર એક દિવસીય સેમિનાર યોજાશે. સેમિનારમાં ઐતિહાસિક શહેરોના સંરક્ષણમાં લેન્ડસ્કેપ, જળ પ્રણાલીઓ, ખુલ્લી જગ્યાઓ અને કુદરતી પર્યાવરણની ભૂમિકા અંગે ચર્ચા થશે. વારસા સ્થળોના સંરક્ષણ, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં પર્યાવરણીય પરિબળોને સામેલ કરી ટકાઉ શહેરી વિકાસ કેવી રીતે શક્ય બને તે અંગે નિષ્ણાતો વિચારો રજૂ કરશે. વિદ્યાર્થીઓ અને યુવા સંશોધકો માટે પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા પણ યોજાશે. અમૂર્ત સબમિશનની અંતિમ તારીખ 15 સપ્ટેમ્બર છે.

# બરોડા જિલ્લા ટેબલ ટેનિસ સ્પર્ધા અંતિમ તબક્કામાં, આજે સેમિફાઈનલ-ફાઈનલ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨
ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) દ્વારા આયોજિત UTT ટાઈટલ સ્પોન્સર્ડ બારોડા જિલ્લા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ્સ-2026માં બીજા દિવસે ખેલાડીઓએ શાનદાર રમતનું પ્રદર્શન કર્યું હતું. TTAB-MSU ટેબલ ટેનિસ સેન્ટર, યુનિયન પેવિલિયન ખાતે યોજાઈ રહેલી સ્પર્ધામાં આજે બોયઝ વિભાગની આશરે 78 મેચો અને ગર્લ્સ વિભાગની આશરે 85 મેચો રમાઈ હતી. સ્પર્ધા હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. વિવિધ ઈવેન્ટની સેમિફાઈનલ અને ફાઈનલ મેચો આવતીકાલે, 13 સપ્ટેમ્બરે રમાશે. અંતિમ દિવસે 39+, 49+, 59+ અને 64+ વયજૂથની વેટરન્સ સ્પર્ધાઓનો પણ પ્રારંભ થશે. પુરસ્કાર વિતરણ સમારોહ મેન્સ સિંગલ્સની ફાઈનલ બાદ સાંજે આશરે 6 વાગ્યે યોજાશે. આજના પરિણામોમાંઃ અંડર-9 ગર્લ્સમાં ખનક રાવલ, અંડર-9 બોયઝમાં શનય દેસાઈ, અંડર-11 બોયઝમાં યુવાન રાજ અને અંડર-11 ગર્લ્સમાં રિથ્યા સત્વેએ ખિતાબ જીત્યો હતો. ખનકે કાવ્યા મકવાણાને 11-8, 11-8, 11-8થી, શનયે જૈનિલ સોલંકીને 11-0, 11-3, 11-0થી, યુવાને તનુષ ખિન્દ્રીને 11-5, 7-11, 10-12, 11-7, 11-6થી અને રિથ્યાએ સાન્વી ચૌધરીને 11-8, 11-9, 12-10થી હરાવી હતી. ત્રણ દિવસીય ચેમ્પિયનશિપમાં 20 કેટેગરીમાં આશરે 400 એન્ટ્રીઓ નોંધાઈ છે.

### શ્રી નરહરી પરિવાર સેવા ટ્રસ્ટનું ૨૩ વર્ષથી અવિરત સેવા સમર્પણ

# માંડવી ખાતે ૧૦૦થી વધુ પરિવારોને અનાજનું વિતરણ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨
શ્રી નરહરી પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૦૩થી સતત ૨૩ વર્ષથી જરૂરિયાતમંદ પરિવારો માટે દર માસની નિશ્ચિત તા. ૧૨ના રોજ નિઃશુલ્ક અન્ન વિતરણની માનવતાવાદી સેવા નિયમિતપણે કરવામાં આવી રહી છે. આજરોજ ભક્તિકુંજ, Jagmaal પોળ, માંડવી, વડોદરા ખાતે યોજાયેલા માસિક અન્ન વિતરણ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ જરૂરિયાતમંદ વ્યક્તિઓ તથા પરિવારોને અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય સિનિયર ચાર્ટડ એકાઉન્ટન્ટ મુકુંદભાઈ વી. શાહ, વરિષ્ઠ કર સલાહકાર શ્રી કૌશિકભાઈ વૈદ્ય, રાજશ્રીબેન કૌશિકભાઈ વૈદ્ય તથા જાણીતા કર સલાહકાર અને ધારાશાસ્ત્રી દીપકભાઈ અમીનના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી નરહરી પરિવાર સેવા ટ્રસ્ટના પ્રમુખ તથા વરિષ્ઠ કર સલાહકાર શ્રી મહેશભાઈ ટી. શાહ, મંત્રી શશિકાંતભાઈ ભંડારે, ટ્રસ્ટી પરેશભાઈ કંચનલાલ ચોક્સી ટ્રસ્ટી ભાવનિકાબેન સચીનભાઈ દેસાઈ, ટ્રસ્ટી ઉમેશભાઈ શ્રીવાસ્તવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ શ્રી મહેશભાઈ ટી. શાહે જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દ્વારા હાલમાં ૧૦૦થી વધુ જરૂરિયાતમંદ પરિવારોને દર માસે નિઃશુલ્ક અન્ન વિતરણ સેવા પૂરી પાડવામાં આવે છે.દર માસની તા. ૧૨ના રોજ સવારે ૯:૧૫થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી અન્ન વિતરણ કરાય છે.

### ભરૂચ LCBએ ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલ્યો

# ૧૭ લાખની ચોરીમાંથી LCBનો મોટો ખુલાસો: વેલુગામનો આરોપી ઝડપાયો

**ચોરી** બાદ નવી બેગમાં પૈસા મૂક્યા, જૂની બેગ અને રેઇનકોટ બાવળીયામાં ફેંક્યા

(પ્રતિનિધિ), ઝઘડિયા,ભરૂચ. તા.૧૨
રાજપારડી ચાર રસ્તા પાસે આવેલા પીયૂષ જનરલ સ્ટોર્સમાંથી ધોળેદહાડે રૂ.૧૭ લાખની રોકડ ઉઠાંતરીના કેસમાં ભરૂચ LCB પોલીસે ગણતરીના કલાકોમાં આખો ભેદ ઉકેલી કાઢ્યો છે. આરોપીએ દેવાના બોજ અને ઈકો ગાડીના હપ્તા ચઢી જતાં મોટી રકમની ચોરી કરવાનો રસ્તો અપનાવ્યો હોવાનું પૂછપરછમાં ખુલ્યું છે.

ગત ૯મી સપ્ટેમ્બરનાં રોજ વહેલી સવારે રાજપારડી ખાતે પીયૂષ જનરલ સ્ટોરમાંથી રૂ.૧૭ લાખની રોકડ રકમની બેગ ચોરાતા ભારે હડકંપ મચી ગયો હતો. ધોળેદહાડે મોટી રકમ ચોરાતા તંત્ર સહિત સૌ માટે પડકાર સમાન બની ગયો હતો. ઘટનાને લઈને ભરૂચ LCB પોલીસે હરકતમાં આવીને CCTV ફૂટેજ, હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સ સહિત વધુ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસે એક શકમંદને મોટરસાઈકલ સાથે ઝડપી પાડ્યો હતો.

સઘન પૂછપરછમાં આરોપીએ ભાંગી પડીને પોતાની ઓળખ વેલુગામમાં મલેક ફળીયામાં રહેતો મોહમદ ઈર્સાદ મલેક (ઉ.વ. ૨૮) તરીકે આપી હતી. પોલીસને આપેલી કેફિયતમાં આરોપીએ જણાવ્યું કે તેઓ ગામમાં પ્રોવિઝન સ્ટોર ચલાવતા હતા, પરંતુ ધંધો ચાલતો ન હોવાથી દેવું વધી ગયું હતું અને ઈકો ગાડીના હપ્તા પણ ચઢી ગયા હતા. તેઓ છ વર્ષથી પીયૂષ જનરલ સ્ટોર્સમાંથી દુકાનનો માલસામાન લેતા હતા. દુકાનમાં સ્વાતે હિસાબના ઘણા રૂપિયા પડ્યા હોય તેવી જાણકારી મેળવીને પોતાની ઓળખ ન થાય તે માટે રેઈનકોટ પહેરી, હાથમાં મોજા પહેરી અને મોઢે રૂમાલ બાંધીને દુકાનનું શટર ખોલીને પૈસા ભરેલી બેગ ઉઠાવી લીધી હતી.

આરોપીએ વધુમાં જણાવ્યું કે ઘટના બાદ રાજપારડી સહિત ઝઘડિયા અને વાલિયા ખાતેથી નવી બેગની ખરીદી કરી હતી અને ચોરીના કાળા બેગમાંથી નવી બેગમાં પૈસા મૂકી દીધા હતા.

# રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી આગામી તા. ૨૧ થી ત્રણ દિવસ ગુજરાતની મુલાકાત લેશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨
ગુજરાત માટે એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ક્ષણ આકાર લેવા જઈ રહી છે. ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત એવા '૭૨માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ'નું આયોજન ઇતિહાસમાં પ્રથમ વખત દેશની રાજધાની નવી દિલ્હીની બહાર, ગુજરાતમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સાનિધ્યમાં યોજાવા જઈ રહ્યું છે.

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આગામી તા. ૨૨ સપ્ટેમ્બરે આ ગૌરવવંતા રાષ્ટ્રીય સમારોહની અધ્યક્ષતા દેશના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી કરશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ભારતીય ફિલ્મ જગતના નામાંકિત કલાકારો, દિગ્દર્શકો, નિર્માતાઓ અને ટેકનિશિયનો સહિત વિવિધ કલા-કસબીઓ આ સમારોહમાં સહભાગી થશે. મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાષ્ટ્રપતિ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનાર રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં હાજરી આપવાની સાથે સાથે રાજ્યના અન્ય મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં પણ ભાગ લેશે.

### પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીનાનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ કોન્સર્ટ હોલમાં યોજાયો

# MSUમાં પ્રત્યાશાની રંગારંગ પ્રસ્તુતિ, શિક્ષકોના નૃત્યથી વિદ્યાર્થીઓ પ્રભાવિત




(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના નૃત્ય વિભાગ દ્વારા 'પ્રત્યાશા' સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોન્સર્ટ હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વિભાગના શિક્ષકોએ જ મંચ પર નૃત્ય પ્રસ્તુતિઓ રજૂ કરી હતી. ડો. સ્મૃતિ વાઘેલા, ડો. પ્રીતિ દામલે, જિતિક્ષા ઉપાધ્યાય, ડો. તૃપ્તિ ગુપ્તા, હેતલ આર્યા, વૈભવી રાજહંસ અને રિદ્ધિ બજાજની પ્રસ્તુતિઓને ઉપસ્થિત સૌએ વધાવી લીધી હતી. સામાન્ય રીતે વર્ગમાં માર્ગદર્શન આપતા ગુરુઓને મંચ પર કલા રજૂ કરતા જોઈ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ અને પ્રેરણાનો માહોલ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ ગુરુ-શિષ્યના સંબંધને ઉજાગર કરતો બની રહ્યો હતો. આ પ્રસંગે વેસ્ટર્ન રેલવે, વડોદરા ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર રિની અને સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર અવિનાશ કુમાર વિશિષ્ટ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન કન્વીનર ડો. અમી પંડ્યા અને કો-ઓર્ડિનેટર હેતલ આર્યા દ્વારા, વિભાગ અધ્યક્ષ ડો.સ્મૃતિ વાઘેલા અને ડીન ડો. અજય અષ્ટાપુત્રેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### અભયમની ટીમે બંને પક્ષને કાયદાકીય અને પારિવારિક સમજ આપી સમાધાન કરાવ્યું

# વડોદરા : ત્રણ વર્ષ બાદ પુત્રને લેવા પહોંચેલી માતાને સાસરિયાંએ બાળક સોંપવાનો ઈનકાર કરતા વિવાદ

**6 વર્ષના** પુત્રને સાસરિયાં આપતા ન હોવાની ફરિયાદ, અભયમની સમજાવટથી માતાએ લીધો મોટો નિર્ણય

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨
ડભોઈ તાલુકાના એક ગામમાં 6 વર્ષના પુત્રને સાસરિયાં પોતાની પાસે રાખી માતાને સોંપતા ન હોવાની ફરિયાદ સાથે એક મહિલાએ અભયમ 181ની મદદ લીધી હતી. ઘટનાની જાણ થતાં અભયમની ટીમ સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષનું કાઉન્સેલિંગ કરતા સમગ્ર હકીકત સામે આવી હતી.

મળતી માહિતી મુજબ મહિલાના પ્રથમ લગ્ન સામાજિક રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્નજીવન દરમિયાન બે સંતાનો થયા હતા. જોકે, આશરે ત્રણ વર્ષ પહેલાં પતિનું એટેકથી અવસાન થયું હતું. ત્યારબાદ મહિલાએ અન્ય જગ્યાએ ફરી લગ્ન કર્યા હતા. આ દરમિયાન એક પુત્ર પ્રથમ સાસરીમાં અને બીજો પુત્ર મહિલા સાથે રહેતો હતો. જોકે, બીજા લગ્નમાં પણ પતિના ત્રાસથી મહિલા પિયર જતી રહી હતી. આ ઘટનાના આશરે ત્રણ વર્ષ બાદ મહિલા પોતાના 6 વર્ષના પુત્રને લેવા પ્રથમ સાસરીમાં પહોંચી હતી. પરંતુ સાસરિયાંએ બાળક આપવાનો ઈનકાર કરતાં મહિલાએ અભયમની મદદ લીધી હતી.

અભયમની ટીમે સ્થળ પર પહોંચી સાસરી પક્ષને બાળક અંગે કાયદાકીય જોગવાઈઓ અને માર્ગદર્શન આપ્યું હતું. દરમિયાન ગામના સરપંચ સહિત સ્થાનિક લોકો પણ હાજર રહ્યા હતા. સાસરી પક્ષે મહિલાને બંને બાળકો સાથે સાસરીમાં રાખવાની તૈયારી દર્શાવી હતી. બીજી તરફ મહિલાને પણ વારંવાર પિયર જવાને બદલે બાળકોના હિતમાં સ્થિર જીવન જીવવા સમજાવવામાં આવી હતી.

ટીમે સમજાવ્યું કે સાસરીમાં રહેતાં બંને બાળકોને દાદા-દાદીનો પ્રેમ અને પરિવારનું વાતાવરણ મળી શકે છે. જો બાળકને અલગથી પોતાની પાસે લેવા માટે કાયદાકીય પ્રક્રિયા જરૂરી બને તો બાળકના હિતને ધ્યાનમાં રાખીને આગળની કાર્યવાહી થઈ શકે છે. અંતે મહિલાએ પ્રથમ સાસરીમાં સાસુ-સસરા સાથે રહેવાનો નિર્ણય લેતા બંને પક્ષ વચ્ચે સમાધાન થયું હતું. અભયમ ટીમે મહિલાને જરૂરી સલાહ, સૂચન અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.


## દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL
CINU40102GJ2003SGC042909
રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા
ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

### વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી બોરડા | ૧૧ કેવી નાલ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૪.૦૯.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૨ | ૬૬ કેવી બોરડા | ૧૧ કેવી ગાયસવાર એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૪.૦૯.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૩ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી પાંચપીપળી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬.૦૯.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૪ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી ખોચરપાડા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬.૦૯.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૫ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી અલમાવાડી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૬.૦૯.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૬ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી ખર્ચીપાડા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૬.૦૯.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૭ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ખોપી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૭.૦૯.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૮ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ટેલીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૭.૦૯.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૯ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી પાનુડા જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૭.૦૯.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ચૂલી એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૭.૦૯.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોઝદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૮.૦૯.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૨ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નાના કાકડીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૮.૦૯.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૩ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ઘાંટોલી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૮.૦૯.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી સોલીયા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૮.૦૯.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી પણગામ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૮.૦૯.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી સેલંબા જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૯.૦૯.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નરવાડી એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૯.૦૯.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ગંગાપુર જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૯.૦૯.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી જરગામ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૯.૦૯.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |
| ૨૦ | ૬૬ કેવી રાજપારડી | તમામ ફીડર | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૯.૦૯.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૩:૦૦ |

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો


### રંગ, રૂપ અને કલરફૂલ પ્રતિમામાં નોખો મિજાજ..!!

# બાળપણમાં માટીમાંથી ગણેશજી બનાવતા બ્રિજ ભટ્ટ આજે ભરૂચના મનગમતા કારીગર

**વિઘ્નહર્તા** ગણેશની પ્રતિમા એવી રીતે ઘડવાનું છે કે જોનારને લાગે કે ભગવાન શ્રીજી હાજરાહજૂર છે



(પ્રતિનિધિ), ભરૂચ. તા.૧૨
બાળપણમાં માટીમાંથી ગણેશજીની પ્રતિમા બનાવતા બ્રિજ ભટ્ટને ત્યારે ખબર ન હતી કે ભવિષ્યમાં તે હાથનો કારીગર બનશે. ભોલાવ ગામના 23 વર્ષના બ્રિજ ભટ્ટ બાળપણમાં રમતાં-રમતાં માટીમાંથી મહાભારતના અર્જુનની માફક એકમાત્ર માછલી નિશાનની જેમ ગણેશજીની પ્રતિમા બનાવતા હતા.

બાળપણનો એ શોખ આજે યુવાનીમાં પરિણમ્યો છે અને બ્રિજ ભટ્ટ આકર્ષક ગણેશજીની પ્રતિમા બનાવતા કારીગર તરીકે ઓળખાય છે. તેમના હસ્તકમળથી બનતી પ્રતિમાઓ ગણેશ મહોત્સવમાં નોખી છટાથી શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બની ગઈ છે. બ્રિજ ભટ્ટ માટે મૂર્તિ બનાવવી એ ફક્ત ચીકણી માટીને આકાર આપવાનું કામ નથી, પણ વિઘ્નહર્તા ગણેશની પ્રતિમા એવી રીતે ઘડવાનું છે કે જોનારને લાગે કે ભગવાન શ્રીજી હાજરાહજૂર છે. તેમની કલાત્મકતા અને ભાવના સાથે રંગ, રૂપ અને કલરફૂલ પ્રતિમામાં નોખો મિજાજ જોવા મળે છે. બ્રિજ ભટ્ટને બાળપણથી જ ગણેશજીની પ્રતિમા બનાવવાનો અલગ શોખ હતો, જે આજે ભરૂચવાસીઓ માટે મનગમતા કારીગરની ઓળખ બની છે. તેમના પિતા સંદીપ ભટ્ટ તરફથી પણ તેમને આગળ વધવાની હિંમત મળતી રહી છે.

ગણેશોત્સવનું આગમન થતાં જ બ્રિજ ભટ્ટના કામમાં વ્યસ્તતા વધી જાય છે. એક પ્રતિમા પાછળ તેમની દ્રઢતા સાથે કલાકોની મહેનત લાગે છે. ચીકણી માટીના પીંડમાંથી ગણેશજીને આકાર આપતાં શ્રદ્ધાળુઓ માટે સાચી સાર્થકતા અનુભવાય છે.

### સમસ્ત વૈષ્ણવ વણિક નવ નિયુક્ત હોદ્દેદારો નો મિલન સમારોહનું આયોજન

સંઘે શક્તિ કલયુગે, કળિયુગમાં સંગઠન કાર્ય સાધક હોય છે એ શુભ હેતુસર સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર એસ.વી.વી.પી વડોદરા ના નવ નિયુક્ત હોદ્દેદારો નો સત્કાર સમારંભ પ્રમુખ એસ.વી.પી બૃહદ કિરીટભાઈ શાહ ના અધ્યક્ષ હેઠળ, મુખ્ય મહેમાન પદે s.v.v.p મહામંત્રી બૃહદ દક્ષેશભાઈ શાહ, ઉપપ્રમુખ જયેશભાઈ શાહ બૃહદ ના સાનિધ્યમાં નવ નિયુંક્ત હોદ્દેદારો પ્રમુખ ડોક્ટર મિતેશભાઈ શાહ ઉપપ્રમુખ એસ.વી. પી બૃહદ નો સત્કાર સમારંભ તા. 16 રોજ મિલન પાર્ટી હોલ વડોદરા ખાતે રાખેલ છે.


## ભારતીય ટેક્નોલોજી સંસ્થાન ખડગપુર

આઈઆઈટી ખડગપુર નીચે દર્શાવેલ પદો માટે ભારતીય નાગરિકો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવે છે:
જાહેરાત ક્રમાંક: R/12/2026 તારીખ: 18 ઓગસ્ટ, 2026
પદ: લાઇબ્રેરિયન
ઓનલાઇન અરજી કરવાની અંતિમ તારીખ: 24 સપ્ટેમ્બર, 2026
જાહેરાત ક્રમાંક: R/11/2026 તારીખ: 18 ઓગસ્ટ, 2026
પદ:
(i) સિનિયર સોફ્ટવેર/સિસ્ટમ/નેટવર્ક એન્જિનિયર (ગ્રેડ-1)
(ii) સિનિયર સોફ્ટવેર/સિસ્ટમ/નેટવર્ક એન્જિનિયર (ગ્રેડ-II)
(iii) સોફ્ટવેર/સિસ્ટમ/નેટવર્ક એન્જિનિયર
ઓનલાઇન અરજી કરવાની અંતિમ તારીખ: 24 સપ્ટેમ્બર, 2026

વિગતવાર માહિતી અને કોઈપણ અદ્યતન અપડેટ્સ માટે કૃપા કરીને મુલાકાત લો: http://www.iitkgp.ac.in/non-teaching-positions
cbc21255/11/0008/2627 કુલસચિવ / Registrar